# ગુજરાતનો મહાસંગ્રામ 2012

### સૌરાષ્ટ્રમાં જંગી જાહેરસભાઓમાં આકરા પ્રહારો

## કોંગ્રેસ પાર્ટીની ખેડૂત વિરોધી માનસિકતાને મોદીનો પડકાર

### ખેડૂતોને સહાયનું વચન અપાયુ હતુ પણ એક પાઈ ચુકવાઈ નથી : નર્મદા ડેમના દરવાજા મુકવા મંજુરી અપાઈ નથી

અમદાવાદ, તા. ૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે સૌરાષ્ટ્રમાં ત્રણ જંગી ચૂંટણી સભાઓમાં કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને વડાપ્રધાન ડો. મનમોહનસિંહ સામે સીધા સરસંધાન કરતા ગુજરાતના ખેડૂતોને બરબાદ કરવાના કેન્દ્રના ખેડૂત વિરોધી કારસા સામે વેધક પ્રશ્નો ખડા કરી દીધા હતા. કોંગ્રેસના આ બંને વરિષ્ઠ નેતાઓ આવતીકાલે ગુજરાતમાં ચૂંટણીસભાઓ સંબોધવા આવવાના છે ત્યારે, તેઓ ખેડૂતોને અન્યાય કેમ કર્યો તેના જવાબો આપવા માટેનું પૂરેપૂરું લેશન કરીને આવે એવો પડકાર મુખ્યમંત્રીએ આજે કેશોદ અને બાબરા તથા બૂધેલની કિસાનોની જંગી મેદનીવાળી સભાઓમાં કર્યો હતો.

નરેન્દ્ર મોદીએ ડો. મનમોહનસિંહ અને સોનિયા ગાંધીની કેન્દ્ર સરકારે ગુજરાતના ખેડૂતો સાથે છેતરપિંડી કરી છે તેના સ્પષ્ટ જવાબો આ બંને કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં આવીને આપે તેવી આક્રમક માંગ કરતા જણાવ્યું કે આ વર્ષે દશ વર્ષ પછી વરસાદ દોઢ મહિનો ખેંચાતા ગુજરાતના ખેડૂતોને ખેતીમાં રૂા. ૧૫૦૦૦ કરોડનું નુકસાન થયેલું. ખેડૂતોને ગુમરાહ કરવા કેન્દ્રના ત્રણ મંત્રીઓ ગુજરાતમાં આવીને ખેડૂતોને ગુજરાત સરકારના આ અભ્યાસ-સર્વેના આધારે કેન્દ્રનું ખેતી રાહત પેકેજ અપાશે એવું વચન આપી ગયેલા. આજે ત્રણ મહિના વીતી ગયા- એક પાઈ પણ ગુજરાતના ખેડૂતોને કેન્દ્ર સરકારે આપી નથી તો આવા જુઠ્ઠાં વચનો કેમ આપ્યા ?

બીજું ગુજરાતના ખેડૂતોને જ્યારે દુનિયામાં મબલખ કમાણી કપાસની નિકાસથી થવાની હતી ત્યારે જ ગયા માર્ચ મહિનામાં કપાસની નિકાસ ઉપર એકાએક પ્રતિબંધ મૂકી દઈને રૂા. ૭૦૦૦ કરોડનું નુકશાન ખેડૂતોને કર્યું છે. કોના લાભાર્થે આ ખેડૂત વિરોધી કપાસ-નિકાસનો પ્રતિબંધ મૂકવામાં આવેલો અને કોના લાભાર્થે દુનિયામાં કપાસની ખરીદીનું બજાર પૂરૂ થયું ત્યારે તે ઉઠાવી લેવાયો તેનો જવાબ આપો, એમ પણ નરેન્દ્ર મોદીએ માંગ કરી છે.

ત્રીજું, ગુજરાતે છેલ્લા દશ વર્ષમાં કેન્દ્ર સામે નર્મદા ડેમની ઊંચાઈ વધારવા મુખ્યમંત્રી જાતે ઉપવાસ ઉપર ઉતરેલા તેની યાદ આપી. મોદીએ જણાવ્યું કે ૧૨૧.૯૫ મીટરની ડેમની ઊંચાઈ બનાવવા માટે સર્વોચ્ચ અદાલતમાં ન્યાય મેળવેલો. હવે, ૧૩૮ મીટરના પૂર્ણ ઊંચાઈના ડેમ માટે માત્ર છ-છ માળના ૩૮ દરવાજા જ મૂકવાના છે પરંતુ કેન્દ્ર સરકાર તેની મંજૂરી નથી આપતી, શા માટે? ગુજરાતની જનતા અને ખેડૂતોને નર્મદા યોજનામાંથી પાણી મેળવવાના હક્કથી વંચિત રાખવાનો કારસો શા માટે ? ડો. મનમોહનસિંહ અને સોનિયાજી ગુજરાતની જનતાને જવાબ આપે તે માટે અગાઉથી આ સવાલો કર્યા છે, તેમ જણાવતાં મુખ્યમંત્રીએ કહ્યું, ગુજરાત આવો તો પૂરેપૂરું હોમવર્ક-લેશન કરીને જ આવજો.

## પરાજયના ભયથી મોદી હવે, છેલ્લે પાટલે : કેશુભાઈ

### મોદી સરકારના પતનનું કાઉન્ટડાઉન

ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પ્રજાનો મિજાજ જોઈને સમજી ગયા છે કે એક પખવાડિયા પછી તેમની સરકાર સત્તામાં નહિ હોય તેથી મુખ્યમંત્રી હારના ડરથી છેલ્લે પાટલે બેઠા છે તેવો આક્ષેપ કેશુભાઈ પટેલે કર્યો છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીના સ્થાપક અધ્યક્ષ કેશુભાઈ પટેલે પોતાના બ્લોગમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે ગુજરાતમાં મોદી સરકારે ક્યારેય સહિષ્ણુતા દાખવી નથી. હિટલર તેના વિરોધીઓ પર દમનનો કોરડો વીઝી તેમને દબાવતો હતો તેવું જ મોદીનું છે.

તેમણે જણાવ્યું છે કે ગુજરાતમાં આ વખતે સેફોલોજીસ્ટ્રો અને સ્પોન્સર્ડ સર્વેવાળાને મોટી સરપ્રાઈઝને મોટી સરપ્રાઈઝ આપવાનું છે. ભાજપને ૧૦૦ થી વધુ સીટો આપનારા સર્વેવાળા ૨૦મી પછી મોં ક્યાં સંતાડવું તેની વેતરણમાં હશે. મારા આટલા દાયકાઓના અનુભવથી હું કહું છું કે ગુજરાતના લોકોની આંખોમાં પરિવર્તનનો કરંટ છે. આ વખતે મતદારો ગુજરાતમાં સાયલન્ટ રિવોલ્યુશન લાવવાના છે. મત કુટિરમાં મતદાર એકલો હશે ત્યારે ભાજપના કુશાસનને યાદ કરીને હળવેથી બટન દબાવીને બહાર આવશે. તેમણે ઉમેર્યું છે કે ૨૦મીએ કાઉન્ટીંગ થશે ત્યારે મોદીની ભક્તિ કરનારા અધિકારીઓ અને સર્વેવાળાના માથે વીજળી ત્રાટકવાની છે.

તેમણે જણાવ્યું છે કે ગુજરાતમાં મોદીએ ડર દમન અને દાદાગીરીના થ્રીડી શાસનનો કોરડો વીંઝવાનું શરૂ કરી દીધું છે. ગુજરાત પરિવર્તન પાર્ટીના ઉમેદવારોને દબાવવા ફોર્મ પાછું ખેંચવા આખા ગુજરાતમાં તેમણે કાળો કેર વર્તાવ્યો હતો એ પછી હવે સત્તાના આધારે વિરોધી પાર્ટીઓ પણ દમનનો પાશવી પ્રયોગ કરવા માંગેછે. એલીસબ્રીજમાં રાતોરાત હરેનભાઈ પંડ્યાના પોસ્ટર હોર્ડિંગ્સ ફાડી નાંખવામાં આવ્યા એવું તો શું છે કે મુખ્યમંત્રી હરેન પંડ્યાના નામથી આટલા બધા ડરે છે ? તેવો સવાલ તેમણે કર્યો છે.

## આજે અપરા મહેતા અને પુરુષોત્તમ સોલંકી સૌરાષ્ટ્રમાં જાહેરસભાઓ ગજવશે

અમદાવાદ, તા. ૬

ભાજપાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે જાણીતા ટી.વી. અને ફિલ્મી અભિનેત્રી અપરા મહેતા ૭ ડિસેમ્બરના રોજ ચાર સ્થાનો પર જાહેરસભા, રોડ શો અને મહિલા સંમેલનમાં હાજરી આપી ભાજપાના ઉમેદવારોને વિજયી બનાવવા જનતા-જનાર્દનને અપીલ કરશે.

અપરા મહેતા સવારે ૧૧.૦૦ કલાકે પારાવડી ગામ, ભાવનગર જાહેરસભા, ગારીયાધારમાં બપોરે ૧૨.૦૦ કલાકે જાહેરસભા સંબોધી બપોરે ૪.૦૦ થી ૫.૩૦ ભાવનગરમાં રોડ-શો કરશે અને ૫.૩૦ કલાકે ભાવનગરમાં મહિલાસભા (સંમેલન) અને રાત્રે ૮.૦૦ ભાવનગર ખાતે યોજાયેલી મહિલાસભા (સંમેલન)માં હાજરી આપી સંબોધન કરશે.દરમિયાન ભાજપાના અગ્રણી તેમજ રાજ્યના મત્સ્ય પ્રધાન પુરુસોત્તમ સોલંકી ભાજપાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે સૌરાષ્ટ્રના જુદા જુદા વિધાનસભા ક્ષેત્રોમાં ૭ ડિસેમ્બરના રોજ પાંચ જાહેરસભા સંબોધશે. પુરુષોત્તમભાઈ સોલંકી સવારે ૧૦.૦૦ કલાકે વીંછીયા ગામ (જસદણ), ૧૨.૦૦ કલાકે ગુડસરા (વાંકાનેર), ૧.૩૦ કલાકે ધારી (અમરેલી વિધાનસભા), ૨.૩૦ કલાકે ખારેડા (કેશોદ વિધાનસભા) અને ૪.૦૦ કલાકે પ્રાચી ગામ (તલાલા) વિધાનસભામાં સભાને સંબોધન કરશે.

## મ્યુનિ ભાજપે આંબેડકરની ગરીમા ના જાળવી : કોંગ્રેસ

અમદાવાદ, તા. ૬

બાબા સાહેબ આંબેડકરના આજે નિર્વાણ દિવસે તેમની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરી શકાય માટે સીડી અને પાણીની વ્યવસ્થા કરવી જોઈએ પરંતુ તે ના કરીને મ્યુનિસિપલ ભાજપે આંબેડકરની ગરીમા જાળવી નથી. મ્યુનિસિપલ કોંગ્રેસ નેતાએ કર્યો છે.

મ્યુ. કોર્પોરેશનના વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે આજે મ્યુ. કમિ.ને પત્ર પાઠવીને આઝાદીની લડતમાં સક્રિયપણે ભાગ ભજવનાર અને હાલમાં સમગ્ર ભારતવર્ષનું સંચાલન જે બંધારણના આધારે થાય છે તે બંધારણના ઘડવૈયા બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને શ્રદ્ધાસુમન અર્પણ કરવા માટે તેમના નિર્વાણ દિવસ ૬ ડિસેમ્બરના રોજ દર વર્ષે સીડી, સફાઈ તથા પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવતી હતી પણ આજે સીડીની તથા પ્રતિમાને સાફ સફાઈ કરવાની વ્યવસ્થા કરવામાં આવી નહોતી જેને કારણે અનેક દલિત સંગઠનો તથા દલિત આગેવાનોને પુષ્પાંજલી અર્પણ કરવામાં બાધા ઉભી થઈ હતી. સત્તાધારી ભાજપના હોદ્દેદારો ચૂંટણીના તોરમાં જરૂરી વ્યવસ્થા કરવાનું ભૂલી જઈને તેમની દલિત વિરોધી માનસિકતા છતી થઈ છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે અગાઉ પણ સરદાર પટેલ જયંતિ તથા ગાંધી જયંતીના દિવસે મ્યુ. તંત્ર પુરતી વ્યવસ્થા કરવામાં નિષ્ફળ ગયેલું ત્યારે ભવિષ્યમાં આવી ગંભીર ભૂલોનું પુનરાવર્તન ના થાય. મહાનુભાવોની ગરીમા જળવાઈ રહે તે માટે ધ્યાન આપી પુરતી વ્યવસ્થા કરવા માટે પત્ર લખી જણાવેલું તેમ છતાં પણ આજે પુનરાવર્તન થયું છે. જે ઘણી ગંભીર અને સૂચક બાબત છે. બેદરકારી દાખવવા બાબતે જે તે અધિકારી જવાબદાર હોય તેની સામે તાત્કાલિક પગલાં લેવા તેમજ ભવિષ્યમાં પણ બાબાસાહેબ આંબેડકર તથા અન્ય મહાનુભાવોનું સન્માન-ગરીમા જળવાય તે માટે જે તે સમયે જરૂરી વ્યવસ્થા કરવા તંત્રને તાકીદની સૂચના આપવી જોઈએ.

## ઉમા, મહેશ-નરેશ આજે ચૂંટણી પ્રચાર હાથ ધરશે

અમદાવાદ, તા. ૬

ભાજપાના ગુજરાત વિધાનસભાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ભાજપાના રાષ્ટ્રીય નેતા તેમજ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી સુ.શ્રી ઉમા ભારતીજી ૭ ડિસેમ્બરના રોજ ૨ જાહેરસભાઓને સંબોધન કરશે. ઉમા ભારતીજી ૭ ડિસેમ્બરે બપોરે ૨.૦૦ કલાકે કનકબા પાર્ટી પ્લોટ, નિરાંત ચાર રસ્તા, વસ્ત્રાલ મહિલા સભાને અને સાંજે ૬.૦૦ કલાકે સંગમ ચાર રસ્તા, વડોદરા ખાતે જાહેરસભાને સંબોધશે. દરમિયાન ગુજરાતી ફિલ્મ જગતના ફિલ્મ કલાકાર મહેશભાઈ કનોડીયા અને નરેશ કનોડીયા ૭ ડિસેમ્બરના રોજ ભાજપાના ઉમેદવારોના ચૂંટણી પ્રચારાર્થે ઝંઝાવાતી પ્રવાસ કરશે. ૭ ડિસેમ્બરના રોજ ૧૧.૩૦ થી ૧.૩૦ બાંકોરપાંડરવાલા, ખાનપુર, લીંબાડીયા રોડ-શો કરશે. બપોરે ૨.૦૦ કલાકે દેવ ચારરસ્તા, ખેડા જાહેરસભાને સંબોધશે. સાંજે ૫.૦૦ કલાકે મોટી ઝેર, ખેડા જીલ્લામાં અને રાત્રે ૭.૦૦ કલાકે આંતરસુંબા ખેડા જીલ્લામાં જાહેરસભા સંબોધશે.

### મુખ્યમંત્રી મોદીએ અમીન તથા ટેકેદારોનું ઉષ્માભેર સ્વાગત કર્યુ

## નરહરિભાઈ ભાજપમાં જોડાતા કોંગ્રેસને જોરદાર ફટકો

અમદાવાદ, તા.૬

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના શક્તિશાળી આગેવાન નરહરિ અમીન કોંગ્રેસ સાથે છેડો ફાડીને આખરે વિધિવતરીતે આજે ભાજપમાં તેમના કાર્યકરો સાથે જોડાઈ ગયા હતા. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. નરહરિ અમીન ઘણા દિવસથી કોંગ્રેસથી ભારે નારાજ હતા. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં નરહરિ અમીન કાર્યકરો સાથે ભાજપમાં જોડાયા હતા. સવારે નરહરિ અમીન તેમના કાર્યકરો સાથે રેલી યોજીને ઢોલ નગારા અને આતશબાજી સાથે ખાનપુરમાં જે પી ચોક ખાતે ભાજપ કાર્યાલયમાં પહોંચ્યા હતા જ્યાં નરેન્દ્ર મોદી અને ભાજપના અન્ય ટોચના નેતાઓએ તેમનું સ્વાગત કર્યું હતું. મોદીએ અમીન અને અન્યોને વિધિવત રીતે કેસરી ખેસ પહેરાવીને તેમનું સ્વાગત કર્યું હતું. રાજ્યના ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી અને કોંગ્રેસના દિગ્ગજ નેતા નરહરિ અમીન આજે તેમના સેંકડો કાર્યકરો, આગેવાનો તથા સમર્થકો સાથે વાજતે ગાજતે ભાજપમાં જોડાઈ જતા વિધાનસભાની ચૂંટણી પહેલાં જ કોંગ્રેસને વધુ એક જોરદાર ફટકો પડ્યો છે. ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ કાર્યાલય ખાતે આજે સવારે નરહરિ અમીન તથા તેમના સેંકડો કોંગી કાર્યકરો એક રેલી સ્વરૂપે ઢોલ નગારા સાથે વાજતે ગાજતે આવી પહોંચ્યા હતા. જ્યાં જોરદાર આતશબાજી પણ કરવામાં આવી હતી. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ નરહરિ અમીન તથા તેમની સાથે ભાજપમાં જોડાયેલા મહાનુભાવોનું કેસરી ખેસ ઓઢાડી ઉષ્માભેર સ્વાગત કર્યું હતું. અને ભાજપમાં વિધિવત પ્રવેશ આપ્યો હતો. આ પ્રસંગે સર્જાયેલા કાર્યક્રમમાં નરહરિ અમીને મુખ્યમંત્રી તથા ભાજપને તાળીઓના ગડગડાટ વચ્ચે એવી ખાતરી આપી હતી કે, ભાજપમાં અમે દૂધમાં સાકર ભળે તેમ ભળી જઈશું. અને અમે ૨૦૧૨ની ચૂંટણીની સાથે સાથે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીને ટાર્ગેટ કરવા આવ્યા છે.



મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે ભાજપમાં જોડાયેલા કાર્યકરોની રેલીને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતની રાજનીતિના ઈતિહાસમાં આ એક મહત્વનો ઘટનાક્રમ છે. એક પરિવારવાદને વરેલા પક્ષને તિલાંજલી આપી નરહરિ અમીન તેમના સેંકડો આગેવાન તથા કાર્યકરો સાથે ભાજપમાં જોડાતા હું ખૂબ જ ગૌરવપૂર્વક તેમનું સ્વાગત કરું છું. આ શક્તિ ભાજપમાં ભળવાથી લોકતાંત્રિક તાકાત વધુ મજબૂત થશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પ્રજા ભૂલને માફ કરી શકે છે પરંતુ દગાબાજીને ક્યારેય માફ કરતી નથી. કોંગ્રેસે પ્રજાની સાથે સાથે તેમના કાર્યકરો સાથે પણ દગાબાજી કરી છે. લોકતાંત્રિક વ્યવસ્થામાં નેતાઓ તેમના કાર્યકરોની પીઠમાં ખંજર ભોંકે તે દુ:ખદ ઘટના છે. ગુજરાતની ધરતી ઉદ્યમ આ પ્રકારની રાજનીતિ સંસ્કૃતિ ચલાવી લેવાય નહિ જે હાલમાં કોંગ્રેસમાં ચાલી રહી છે. મુખ્યમંત્રીએ તેમની તેજાબી શૈલીમાં કોંગ્રેસ પર ભારે પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આજે ડો. બાબા સાહેબ આંબેડકરની પુણ્યતિથિ છે. કોંગ્રેસ ડો. આંબેડકરે એક પછી એક સંઘર્ષ સામે ઝઝૂમવા મજબૂર કર્યા હતા. તેઓ જીવનભર કોંગ્રેસ સામે સંઘર્ષ કરતા રહ્યા હતા. જેના કારણે તેમને ભારત રત્નનો ખિતાબ સ્વ. રાજીવ ગાંધીને અપાયા બાદ મળ્યો હતો.

## કેન્દ્રમાં કોંગ્રેસના પતનનું નેતૃત્વ ગુજરાત કરશે : નરહરિ અમીન

### મોદીના હાથ વધુ મજબૂત કરવામાં આવશે : કોંગ્રેસને ૩૨ બેઠકના આંકથી પણ નીચે ઉતારવા પ્રજાને અમીનનો અનુરોધ : કોંગ્રેસ ઉપર નારાજગી દોહરાવી

કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના જાણીતા અને મજબૂત આગેવાન નરહરિ અમીને ભાજપમાં જોડાયા બાદ કહ્યું હતું કે કોંગ્રેસ આંતરકલહથી ગ્રસ્ત પાર્ટી છે. તેમને ઉમેર્યું હતું કે નરેન્દ્ર મોદી ગુજરાતને વિકાસના માર્ગ ઉપર ઝડપથી આગળ વધારી રહ્યા છે. નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવાના ઈરાદાથી અમે ભાજપમાં સામેલ થયા છીએ. માત્ર ૨૦૧૨ની ચૂંટણીમાં જ નહીં બલ્કે ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણીમાંપણ કેન્દ્રમાંથી કોંગ્રેસને દૂર કરવા માટે સતત પ્રયાસ કરવામાં આવશે. નરહરિ અમીને ગઈકાલે પોતાના તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપી દીધું હતું અને ભાજપમાં સામેલ થવાનો નિર્ણય કર્યો હતો.

નરહરિ અમીને જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ તા. ૨૦મી ડિસેમ્બરે કોંગ્રેસની હેટ્રીક વિકેટ લેનાર છે. 'ભારત માતા કી જય અને નરહરિ અમીન તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ' તેવા જોરદાર સૂત્રો અને અમીનના વક્તવ્યને વધાવતી તાળીઓ વચ્ચે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૨૧ વર્ષથી હું કોંગ્રેસના એક કાર્યક્રમની હેસિયતથી સંગઠનને મજબૂત કરવાનું કામ કરતો આવ્યો હતો. પરંતુ મારા જેવા અનેક આગેવાનો તથા કાર્યકરો સાથે કોંગ્રેસે જે રીતે દ્રોહ કર્યો છે. અમે અનેક આગેવાનો આ સ્થિતિમાં ભારે અપમાનજનક સ્થિતિમાં મુકાઈ ગયા છે. અને છેવટે અમે નિર્ણય કર્યો કે ગુજરાતના વિકાસમાં રાત દિન એક કરનાર મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના હાથ મજબૂત કરવા ભાજપમાં જોડાઈએ.



૧૯૯૦માં જનતા પાર્ટી અને ભાજપ સાથે મળીને ચૂંઠણી લડ્યા હતા. અને કોંગ્રેસને માત્ર ૩૨ બેઠકો મળી હતી. હું પ્રજાને અપીલ કરૂ છું કે ૧૯૯૦નું પુનરાવર્તન કરી ફરી એકવાર કોંગ્રેસને ૩૨ના આંકડા પરથી પણ નીચે ઉતારી દો. અમારો લક્ષ્ય ૨૦૧૨ જ નહિ પરંતુ ૧૪ની ચૂંટણી રહેશે. કોંગ્રેસને બતાવી દઈશું કે ૨૦૧૪માં કોંગ્રેસના પતનનું નેતૃત્વ ગુજરાત કરશે. નરેન્દ્ર મોદી જે કામગીરી સોંપશે તે માટે તન, મન, ધનથી ભાજપનું કામ કરવાની ખાતરી ઉચ્ચારી હતી.અમીને કહ્યુ હતુ કે કેન્દ્રમાં કોંગ્રેસના પતનનું નેતૃત્વ ગુજરાત કરશે.

### નરહરિની એન્ટ્રીની સાથે સાથે

- નરહરિ અમીનને કોંગ્રેસે ચૂંટણી માટે ટિકિટ ન આપતા નારાજગી વ્યક્ત કરીને ભાજપમાં જોડાયા
- અમીન અને તેમના સાથીઓનું ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગૌરવપૂર્ણ સ્વાગત કર્યુ
- સવારે નરહરિ અમીન તેમના કાર્યકરો અને આગેવાનો સાથે રેલી યોજીને ઢોલનગારા અને આતશબાજી સાથે ખાનપુરમાં ભાજપના કાર્યાલયમાં પહોંચ્યા
- મોદી અને ભાજપના અન્ય નેતાઓએ તેમનું સ્વાગત કર્યુ
- નરહરિ અમીને મોદીના હાથ મજબુત કરવાની ખાતરી આપી
- અમીનની સાથે હિતેશભાઈ પટેલ સહિતના આગેવાનો પણ ભાજપમાં જોડાયા
- ગુજરાતના રાજકારણમાં મોટો ઘટનાક્રમ નોંધાયો હોવાની મોદીએ કબૂલાત કરી
- કોંગ્રેસે માત્ર પ્રજા સાથે જ નહીં બલકે તેમના કાર્યકરો સાથે પણ વિશ્વાસઘાત કર્યો
- મોદીએ કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો પણ કર્યા
- નરહરિ અમીને મંગળવારે કોંગ્રેસમાંથી રાજીનામુ આપ્યુ હતુ